# પાઠ - ૪ આત્મિક યુધ્ધ

**યાદ રાખો :** *" કેમકે, જો કે અમે દેહમાં ચાલીએ છીએ તો પણ અમે દેહ પ્રમાણે લડાઈ કરતા નથી. કેમકે અમારી લડાઈના હથિયાર સાંસારિક નથી, પણ દેવની સહાયથી કિલ્લાઓને તોડી પાડવાને તે સમર્થ છે. અમે વિતંડાવાદોને તથા દેવના જ્ઞાનની વિરૂધ્ધ જે કંઈ માથું ઊંચકે છે તેને તોડી પાડીએ છીએ, અને દરેક વિચારને વશ કરીને ખ્રિસ્તની આધીનતામાં લાવીએ છીએ. " (૨ કરિંથી ૧૦ : ૩-૫)*

**પ્રસ્તાવના :** *જ્યારે આપણે ખ્રિસ્તી બન્યા ત્યારે આપણે "દેવના લશ્કર" માં ભરતી થયા. ત્યાં કોઈ તટસ્થ ભૂમિ નથી. બધા ખ્રિસ્તીઓ આ આત્મિક યુધ્ધમાં દાખલ થશે. જ્યારે આપણે "નવો જન્મ" પામ્યા ત્યારે ઈસુ આપણને સ્વર્ગમાં ના લઈ ગયા. પરંતુ અહીં આપણે અંધકારના રાજ્ય ઉપર યુધ્ધ ચલાવવા છોડી દીધા અને આ યુધ્ધ લડવા જરૂરી "કવચ" વડે સુસજ્જ કર્યા અને યોહાન બાપ્તિસ્તના વખતથી તે હજી સુધી આકાશના રાજ્ય પર બળાત્કાર કરાય છે, ને બળાત્કાર કરનારાઓ બળાત્કારથી તે લઈ લે છે. (માત્થી ૧૧ : ૧૨)*

*મારી પાસે તમારા માટે શુભ સમાચાર છે ! આ યુધ્ધનું પરિણામ મેં વાંચ્યુ છે અને આપણે જીતીએ છીએ માટે મન મજબૂત કરો અને પડતું મૂકશો નહી. આપણા તારણના અધિકારી (હિબ્રૂ ૨ : ૧૦) ઈસુ કદી યુધ્ધ હાર્યા નથી અને કદી હારશે નહિ.*

## તમારા દુશ્મનને જાણો

**(૧) ૨ તિમોથી ૨ : ૩ - ૪ વાંચો અને કલમ પૂર્ણ કરો.**

*(૧) માટે ખ્રિસ્ત ઈસુના સારા ...................... તરીકે તું મારી સાથે દુ:ખ સહન કર. યુધ્ધમાં જનાર કોઈ ...................... સાંસારિક કામકાજમાં ગૂંથાતો નથી. કે, જેથી તે પોતાના ઉપરી અમલદારને સંતોષ પમાડે.*

*(૨) ખ્રિસ્તીના ત્રણ દુશ્મનો છે.*

*તેઓ કોણ છે ? તેઓની કેવી રીતે જીતી શકાય ?*

*(૧) ...................... (૧ પિત્તર ૫ : ૮) ...................... (યાકૂબ ૪ : ૬,૭)*

*......................(એફેસી ૪ : ૨૭)*

*(૨) ...................... (યાકૂબ ૪ : ૪) ...................... (૧ યોહાન ૨ : ૧૫)*

*...................... (રોમન ૧૨ : ૨)*

*(૩) ...................... (ગલાતી ૫ : ૧૭) ...................... (ગલાતી ૫ : ૧૬)*

*...................... (ગલાતી ૫ : ૨૪)*

યુધ્ધ મેદાન તમારું મન છે. એ દરવાજો છે જ્યાંથી દુશ્મન તમારા પ્રદેશમાં પ્રવેશે છે. ૨કરિંથી ૧૦ : ૩-૬ માં આપણને કિલ્લાઓને તોડી પાડવાની સૂચના આપવામાં આવી છે. જ્યારે આપણે નકારાત્મક વિચાર અથવા પરીક્ષણ કે જે દેવના વચનની વિરૂધ્ધ છે તેને આપણી કલ્પનાઓમાં લાંબા સમય સુધી રહેવા દઈએ છીએ. ત્યારે તે ગઢ બને છે. આ તરકીબ બડે શેતાન તમને ભય, સંતાપ, માંદગી અને હાર દ્વારા કચડી શકે છે. જેવી આપણને ખબર પડે કે આપણે તેને અંદર આવવા દીધો છે આપણે તેને બહાર હાંકી કાઢવાની જરૂર છે એ પહેલા કે તેને આપણા વિચારો અને લાગણીઓ ઉપર કિલ્લેબંધી કરવાની તક મળે

(૩) “ રખેને જેમ સર્પે પોતાના કપટથી હવાને ભુલાવી તેમ ખ્રિસ્તમાં જે નિખાલસપણું તથા પવિત્રતા છે તે તજીને તમારા ...................... હરકોઈ રીતે ભ્રષ્ટ થાય. ” (૨ કરિંથી ૧૧ : ૩)

(૪) જૂઠાણું તમને બંધનમાં લાવી શકે છે, શું તમને મુક્ત કરી શકે ? (યોહાન ૮ : ૩૨)

(૫) ફિલીપ ૪ : ૬-૮ વાંચો, “વિચારવું” શબ્દ આ સંદર્ભમાં એટલે તલ્લીન થવું, માં તાકાત વધારવી અથવા મન કે ચિત્તને એકાગ્ર કરવું. એવી વસ્તુઓની યાદી બનાવો. જેની ઉપર આપણે “વિચાર” કરવાનો છે.

(૧) ......................
(૨) ......................
(૩) ......................
(૪) ......................
(૫) ......................
(૬) ......................
(૭) ......................
(૮) ......................

**પ્રયોગ :** ૩ x ૫ ઈંચનો કાગળ લો. અને જે બધી સારી બાબતો ઈશ્વરે તમારા માટે કરી છે તે લખો. જ્યારે જ્યારે તમારા મન પર નકારાત્મક વિચારો જે (કે) તમને નાહિંમત કરે છે અને ઈશ્વરથી દૂર લઈ જાય છે તેમના વડે હુમલો કરવામાં આવે ત્યારે તેને બહાર કાઢો.

(૬) દઢ મનવાળાને તું શાંત જ રાખીશ, કેમકે તેનો ......................, ......................, ...................... છે. (યશાયા ૨૬ : ૩)

## દેવના સર્વ હથિયારો સજો.

એફેસી ૬ : ૧૦ - ૧૮ વાંચ્યા પછી ખાલી જગ્યા પૂરો.

(૧) ...................... નો ટોપ

(૨) ...................... નું બખતર

(૩) ...................... થી કમર બાંધીને

(૪) ...................... ની તરવાર

(૫) ...................... ની ઢાલ

(૬) ...................... રૂપી જોડા

હથિયારો તમારા માટે કંઈપણ સારું કરે એ માટે તમારે તેમની સાથે દરરોજ શું કરવું જોઈએ ? (કલમ ૧૧)

.....................................................................................

(૭) જો આપણે ઈશ્વરને વિશ્વાસુ રહીશું તો દુશ્મનોના આપણી ઉપરના હુમલાઓનું શું થશે ?
(યશાયા ૫૪ : ૧૭) .....................................................................

## કેવી રીતે આપણા દેહ પર વિજય પ્રાપ્ત કરવો

(૧) આપણો દેહ કદાચ આપણો સૌથી મોટો શત્રુ છે. એ જાણીને, એ સમજવાની અગત્યતા છે કે કેવી રીતે તે આપણી સામે લડે છે. જો આપણે આપણા દેહને કાબૂમાં નથી રાખતા, તો દેહ આપણો કાબૂ રાખશે !

યાકૂબ ૧ : ૧૩-૧૫ ધ્યાનથી વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

શું આપણું પરીક્ષણ ઈશ્વર દ્વારા થાય છે ? ...................... (કલમ : ૧૩)

શા કારણથી આપણું પરીક્ષણ થાય છે ? ...................... (કલમ : ૧૪)

પાપ શું લાવે છે ? ...................... (કલમ : ૧૫)

(૨) ૧ કરિંથી ૧૦ : ૧૩ માં આપણને જાણવા મળે છે, કે જે દરેક પરીક્ષણનો આપણે સામનો કરીએ છીએ ત્યાં ઈશ્વરે ...................... નો માર્ગ રાખ્યો છે.

(૩) સુસંગત વચનો પ્રમાણે પાંચ માર્ગો જણાવો કે આપણે આપણા આત્મિક મનુષ્યને મજબૂત રાખી શકીએ.

(૧) ...................... (યહુદા ૨૦)

(૨) ...................... (ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૧)

(૩) ...................... (ગલાતી ૫ : ૧૬)

(૪) ...................... (હિબ્રૂ ૧૦ : ૨૫)

(૫) ...................... (યશાયા ૫૮ : ૬-૮)

## વિજેતા કરતાં વિશેષ

જો આપણે સતત ઈશ્વરમાં ટકી રહીએ તો આપણને વિજયની બાંહેધરી આપવામાં આવી છે. તેમણે આપણને તેમનું વચન આપ્યું છે અને ઈશ્વર જૂઠૂં બોલી શકતા નથી.

રોમન ૮:૩૭ "તો પણ જેણે આપણા ઉપર પ્રેમ રાખ્યો છે તેને આશરે આપણે એ બધી બાબતોમાં વિશેષ ...................... પામીએ છીએ."

૧ યોહાન ૪ : ૪ "જગતમાં જે છે તેનાં કરતાં ...................... માં જે છે તે મોટો છે."

રોમન ૮ : ૩૫ માં આપેલા સાત પ્રકારના સંકટો જે તમને ઈસુખ્રિસ્તથી અલગ કરી શકતા નથી. તે જણાવો.

(૧) ...................... (૨) ......................

(૩) ...................... (૪) ......................

(૫) ...................... (૬) ......................

## સારાંશ

ઈશ્વરના લશ્કરમાં ભરતી થયેલા સૈનિકો તરીકે ચાલો "વિશ્વાસની સારી લડાઈ લડીએ... (૧ તિમોથી ૬ : ૧૨) સારા સૈનિક તરીકે આપણે સખતપણું સહન કરવા બાહોશ બનવું જ જોઈએ." અને આ જગતના વ્યવહારો સાથે ફસાવવું જોઈએ નહિં. તમારી નજર ઈનામ ઉપર રાખો ! યાદ રાખો, આ જગત જતું રહેશે પરંતુ જે આપણે જોઈ શકતા નથી તે સદાકાળ રહેશે.

" કેમકે જે વસ્તુઓ દશ્ય છે તેમના પર નજર ન રાખતા જે અદશ્ય છે તેમના પર અમે લક્ષ રાખઈએ છીએ. કેમકે જે દશ્ય છે તે ક્ષણિક છે, પણ જે અદશ્ય છે તે સદાકાલિક છે." (૨ કરિંથી ૪ : ૧૮)

## ઉત્તરો

## તમારા દુશ્મનને જાણો

(૧) સૈનિક, સૈનિક (૨) શેતાન, સામા થવાથી

(૨) જગત સાથે મૈત્રી જગતના વાના પર પ્રેમ ન રાખવાથી જગતનું રૂપ ન ધરવાથી જગત પ્રત્યે મૈત્રી ન રાખવાથી.

(૩) દેહ આત્માથી ચાલવાથી દેહને તેના વિષયો તથા ઈચ્છાઓ સુધ્ધા વધસ્તંભે જડવાથી

(૩) મન (૪) સત્ય

(૫) સત્ય, સન્માનપાત્ર, ન્યાયી, શુધ્ધ, પ્રેમપાત્ર, સુકીર્તિમાન, સદ્‌ગુણ, પ્રશંસા

(૬) ભરોસો, તારા પર

## દેવના સર્વ હથિયાર સજો

(૧) તારણ (૨) ન્યાયીપણા (૩) સત્ય (૪) આત્મા (૫) વિશ્વાસ (૬) સુવાર્તાની તૈયારીરૂપી, દેવના સર્વ હથિયારો સજો (૭) સાર્થક થશે નહિ.

## દેહ ઉપર વિજય પ્રાપ્ત કરવો

(૧) ના, આપણી પોતાની દુર્વાસના, મૃત્યુ

(૨) છૂટકા

(૩) પવિત્ર આત્મામાં પ્રાર્થના કરીને, વચન વાંચવાથી આત્મામા ચાલવાથી, નિયમિત ચર્ચમાં ભાગ લેવાથી ઉપવાસ

## વિજેતા કરતાં વિશેષ

(૧) વિપત્તિ (૨) વેદના (૩) સતાવણી

(૪) દુકાળ (૫) નગ્નતા (૬) જોખમ (૭) તરવાર